દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

# ભટ્ટમેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

તંત્રી : અશોકકુમાર કૃષ્ણલાલ મહેતા

Gandhinagar

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

વર્ષ : ૨ | અંક : ૫ | તા. ૧૫-૦૩-૧૦ | પાના : ૮ | છૂટક કિંમત - રૂા. ૫/- | વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : 'સુકૃતિ', પ્લોટ નં. ૬૮/૧, સેક્ટર-૩/એ (ન્યુ), ગાંધીનગર-૩૮૨ ૦૦૬ (ગુજરાત) મો. 98244 59694

# શ્રી એકલિંગજી પ્રાકટ્ય

(ગતાંકથી ચાલુ)

'વત્સ ! જળે, સ્થળે, સર્વત્ર પરમાત્માનો નિવાસ છે. જ્યાં જે વસ્તુમાં આપણે પ્રભુનું ધ્યાન ધરીએ ત્યાં તે વસ્તુમાં પ્રભુ હોવાથી આપણી પ્રાર્થના સાંભળે જ. તેમાં વળી શ્રી એકલિંગજી ભગવાન તો સાક્ષાત પ્રણવ સ્વરૂપ હોવાથી તેમના ધ્યાનથી મનુષ્યનું કલ્યાણ થાય છે. તેના ત્રણે પાપ કપાય છે અને તેના સર્વ કાર્યમાં યશ પ્રાપ્ત થાય છે. તુ અને તારા વંશજો સર્વત્ર વિજયી થશો. વત્સ ! સમૃદ્ધિ મળવાથી અશ્રદ્ધાવાન થશો નહીં. અશ્રદ્ધાવાન થશો તો પડતી આવશે. માન ખંડન થશે અને રાજ્યભ્રષ્ટ થશો. જ્યાં સુધી શ્રી એકલિંગજી ભગવાનની સ્તુતિ શ્રદ્ધાપૂર્વક કરશો ત્યાં સુધિ દિન પ્રતિદિન તમારો ઉદય જ થશે. તમે ચક્રવર્તી થશો. વત્સ, તમારૂં કલ્યાણ થાઓ' એમ કહીને ઋષિએ બાપ્પાના માથા ઉપર હાથ મૂક્યો. બાપ્પા માથું નમાવી ઊભા જ હતા અને શંકર ભગવાનનું ધ્યાન ધરતા હતા. ઋષિજી આશિર્વાદ આપી અદ્રશ્ય થઈ ગયાં.

હારિત મુનિના આશિર્વાદથી બાપ્પા રાવળે મેવાડની ગાદી મેળવી અને તેઓ



મેવાડ રાજ્યના સ્થાપક બન્યા.

એકલિંગજી મહાદેવના આ મંદિરનું પ્રથમ નિર્માણ બાપ્પા રાવળે ઈ.સ. ૭૩૫માં કર્યું હતું. આ મંદિરનો જીર્ણોદ્ધાર મહારાણા રાયમલ (ઈ.સ. ૧૪૭૩-૧૫૦૯) સહિત ઘણા મહારાણાઓએ કર્યું છે.

ભગવાન એકલિંગજીનું મંદિર ૨૫૦૦ વર્ગફૂટ જમીનના વિશાળ ક્ષેત્ર ઉપર સ્થપાયું છે. તેની ઊંચાઈ આશરે ૬૫ ફૂટ છે. સમગ્ર મંદિરની રચનામાં સફેદ આરસપહાણનો ઉપયોગ થયો છે. મંદિરની ફરતે મજબૂત દિવાલ છે અને ત્યાં મુખ્ય મંદિર ઉપરાંત ૧૦૮ મંદિર આવેલાં છે. મુખ્ય મંદિર બે માળના દ્વાર મંડપ, ગર્ભગૃહ તથા ઝીણવટથી બનાવેલા અનેક આધારસ્તંભવાળા સભાગૃહ અને પીરામીડ આકારના છતથી સજ્જ છે.

કાળા આરસપહાણના પત્થરમાંથી બનાવેલી શ્રી એકલિંગજી ભગવાનની પ્રતિમા મંદિરના ગર્ભદ્વારમાં આવેલી છે. મંદિરની બહાર શિવજીના પવિત્ર પોઠીયા નંદીની ચાંદીની પ્રતિમા છે. આ ઉપરાંત મંદિરમાં બે અન્ય નંદી છે - એક કાળા પત્થરનો અને બીજો પિત્તળનો. નંદિની પ્રતિમા સન્મુખ હાથ જોડે, ઊભા રહેલા બાપ્પા રાવળની પ્રતિમા છે.

આ ઉપરાંત મંદિર સંકુલમાં એક અન્ય મંદિર આવેલું છે, જેને નાથોં કા મંદિર કહે છે. અહીં કોઈ પૂજા વિધિ કે આરાધના થતી નથી. આ મંદિરમાંથી ઈ.સ. ૯૭૧માં લખાયેલો એક લેખ પ્રાપ્ત થયો છે, જે ભગવાન શિવના લકુલેશ સ્વરૂપને સમર્પિત છે અને તેમાં બાપ્પા રાવળના નામનો ઉલ્લેખ છે. આ નગરમાં બીજા ઘણા મંદિરો આવેલાં છે. મંદિરના મૂળ સંકુલમાં (હવે વચ્ચે મોટા રસ્તે - હાઈવે છે) કાત્યાયની દેવીનું મંદિર છે. પંદરમી સંદીમાં બાંધેલું સાસુ-વહુનું મંદિર પણ છે.

આ મંદિર મૂર્તિકાળની વિગતો સાથેની પૌરાણિક કલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. ૧૫મી સદીમાં બનાવેલા કાળા આરસપહાણનું અદ્‌ભૂત જૈન મંદિર, પાતાળેશ્વર મહાદેવ, અર્બુદા માતા તથા વિંધ્યવાસીની દેવીના પણ મંદિરો છે.

મંદિરમાં એકલિંગજી ભગવાન ઉપર સુવર્ણછત્ર છે.

અહીં વર્ષમાં અનેક ઉત્સવો ઉજવાય છે અને મહાશિવરાત્રિના દિવસે મોટો મેળો ભરાય છે. સામાન્ય રીતે શિવમંદિરોમાં વૈષ્ણવ મંદિરોની જેમ શ્રૃંગાર, રાજભોગ વગેરે જુદાં જુદાં દર્શન અને આરતી હોતાં નથી, પરંતુ ભગવાન શ્રી એકલિંગજીનાં મંદિરમાં તેમના સાનિધ્યમાં આવેલા ભગવાન શ્રીનાથજીના મંદિરના માફક નિયમિત રીતે યથા સમયે, મંગળા, શ્રૃંગાર, રાજભોગ, શયન વગેરે બધાં દર્શનો યથાવિધિ થાય છે. મહાદેવજીનો શ્રૃંગાર રોજ જુદા જુદા રત્નોથી કરવામાં આવે છે. સોમવારે હીરાનો, મંગળવારે માણેકનો, બુધવારે મણિનો, ગુરૂવારે નીલમનો, શુક્રવારે મોતીનો, શનિવારે શનિના નંગનો અને રવિવારે

(અનુ. પાન ૫ પર)

## તંત્રી સ્થાનેથી....

ગત ડિસેમ્બર માસના અંકમાં હિંમતનગરના શ્રી નારાયણભાઈ ભટ્ટનો લેખ **'સંયુક્ત કુટુંબ અને સમાજ'** પ્રસિદ્ધ થયો હતો, જેમાં સંયુક્ત કુટુંબની વિભાવના સારી રીતે રજૂ કરવામાં આવી હતી. સંયુક્ત કુટુંબના લાભ અંગે તેમણે દૃષ્ટાંત સાથે રજૂઆત કરી હતી. તેમણે જુદા જુદા રહેતા ભાઈઓ કૌટુંબિક ભાવના અવશ્ય રાખે અને જરૂરિયાતના સમયે ભાઈ-બહેનના પરિવારને યથાશક્તિ સહાય કરવાની વાત કહી છે તે આવકારદાયક છે. 'હેલ્પ અસ ટુ હેલ્પ યુ'ની યથાર્થતા સિદ્ધ કરવા ઉપર તેમણે ભાર મૂક્યો છે. દૂર રહેતાં, જુદા રહેતાં ભાઈ-ભાંડુના પરિવાર સાથે માનસિક તથા સામાજિક તાણા-વાણાથી સ્વૈચ્છિક પ્રેમથી માણસ બંધાયેલો હોય તો તે પણ સંયુક્ત કુટુંબનો સભ્ય ગણાય અને આ ભાવના દરેક વ્યક્તિમાં પેદા થાય તો સમાજનું ઉત્થાન થશે અને દેશની પ્રગતિ થશે એ વાત સાથે સૌ કોઈ સંમત થશે.

હજુ પણ આપણે ત્યાં સંયુક્ત કુટુંબો જોવા મળે છે. અખબારોમાં અવાર-નવાર આવા સમાચારો ચળકતા રહે છે. હમણાં થોડા સમય અગાઉ અખબારમાં ૧૫૦ થી વધુ સભ્યોના સંયુક્ત કુટુંબ વિષે સમાચાર પ્રસિદ્ધ થયા હતા.

આજના યુગમાં સંયુક્ત કુટુંબના બદલે અવિભક્ત કુટુંબની વિભાવના વધુ વ્યવહારૂ બનતી જાય છે. કામ-ધંધા, રોજગારને અનુલક્ષીને પરિવારોના ટૂકડા થાય છે અને જુદા જુદા રહે છે. પરંતુ ઘરમાં લગ્ન-મરણ જેવા પ્રસંગોએ તમામ સભ્યો એક થઈ પ્રસંગ સહેલાઈથી પાર પાડતા હોય તેવા દાખલા પણ મોજૂદ છે.

હાલમાં ગાંધીનગર ખાતે અમારા એક સ્નેહીએ પોતાના કુટુંબ માટે એક નવો વિચાર રજૂ કરી અમલમાં મૂક્યો છે. તેઓ ચાર ભાઈઓ છે. ચારેય ભાઈઓ એ પોણો પોણો લાખ રૂપિયાનો ફાળો આપી એક ટ્રસ્ટ બનાવ્યું છે. એકત્ર થયેલ રકમમાંથી દર વર્ષે અમુક ટકા ફાળો જુદો કાઢવામાં આવે છે. આ રકમ આ ચારેય ભાઈઓ, તેમની બહેનો, તેમની ફોઈઓ તેમજ તેમના મામાઓના પરિવારજનો પૈકિ જે કોઈ આર્થિક મુશ્કેલીમાં હોય, જે કોઈને મોટી બીમારી કે અન્ય સંકટ આવી પડ્યું હોય તેમને સહાયરૂપે આપવામાં આવે છે અને બાકીની રકમ બેંકમાં મૂકવામાં આવે છે. જો કોઈ વર્ષે કોઈ પણ પરિવારને સહાયની જરૂર ન પડે તો તે હિસ્સો પણ બેંકમાં જમા થઈ જાય છે. દર વર્ષે ચારેય ભાઈઓ નિયત રકમ જમા કરાવે અને દર વર્ષે આ સીલસીલો ચાલુ રહે. આ એક અનુકરણીય ઉદાહરણ છે.

આ સિવાય આપણે જ્ઞાતિજનોનો સમૂહ વીમો ઉતરાવી નાની-મોટી બીમારીઓ, અકસ્માત જેવા પ્રસંગોએ સહાયભૂત થઈએ, તો એ પણ એક સંયુક્ત કુટુંબની વિભાવના જ લેખાશે.

## ભાગ્ય જ બળવાન

**गजभुजंगविहंगमबंधनं शशिदिवाकरयोर्ग्रहपीडनम् ।**
**मतिमतां च समीक्ष्य दरीद्रतां विधिरहो बलवानिति मे मतिः ।।१०।।**

હાથી, સર્પ, પક્ષીઓને બંધન, સૂર્ય અને ચંદ્રને ગ્રહની પીડા અને બુદ્ધિમાનોની દરિદ્રતા જોઈને 'અરે ! ભાગ્ય જ બળવાન છે એમ મારૂં માનવું છે'

**– પ્રો. ડૉ. જગદીશભાઈ એસ. જોશી, હિંમતનગર**

મારા કરતાં બીજાઓ વધુ સારૂં કામ કરે ત્યારે હું તેમની પ્રશંસા કરી શકું, મને ન ગમતા લોકોમાં પણ સારી બાબતો જોઈ શકું, મારા વિચારોનો વિરોધ કરતા લોકો પણ મારા મિત્રો હોઈ શકે તેવું હું માની શકું -

**એવી મને હૃદયની મોટપ આપો.**

વિરૂદ્ધ પક્ષે પણ સત્ય હોય તેવું સ્વીકારી શકું, મેં સારૂં કામ કર્યું હોય તો તે બીજાને કહેવાની લાલચ ટાળી શકું, દેખીતા કારણ વગર કોઈ સહાય કરે તો તેમાં તેનો કોઈ ગુપ્ત હેતુ હશે એવી શંકા કરવાથી બચી શકું -

**એવી મને હૃદયની મોટપ આપો.**

કોઈની ભૂલ, વાંક કે ગૂના માટે કાજી બની ન્યાય તોળવા ન બેસું, બીજા પાસેથી ઈચ્છું છું તે નિખાલસતા અને સમજદારી બીજા પ્રત્યે દાખવી શકું, મારી વાણી, વચન, કર્મથી દુનિયામાં હું જે અસુંદરતા સર્જું તે પિછાણી શકું અને તમારી ભક્તિ વડે વધુને વધુ સાત્વિક બની શકું-

**એવું મને શાણપણ આપો.**

('પરમ સમીપે'માંથી)

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

*With Best Compliments From*

**Sonu N. Bhatt**

**(AGENT)**

**NSC, KVP, MIS, R.D., SMALL SAVINGS SCHEME, LIC, UTI, PPF, COS. DEPOSITS, SRGE, ICICI MUTUTAL FUND, RBI RELIEF BONDS.**

: RESIDENCE :

PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY, SECTOR-22, GANDHINAGAR-382022.

**PH. : 079-23227798, (M) 98980 27798**

# હમ 'સાથ' સાથ હૈ....

હોલીવુડની એક અત્યંત સ્વરૂપવાન, જાજરમાન ફિલ્મ અભિનેત્રી હતી - મેરિલીન મનરો. હજારો યુવા દિલોની ધડકન હતી. આ અત્યંત લોકપ્રિય અભિનેત્રી અમેરિકાના પ્રેસીડેન્ટ જહોન એફ. કેનેડીને દિલ દઈ બેઠી. બન્ને વચ્ચે સારૂં એવું ઈલુ ઈલુ ચાલ્યું. પ્રેસિડેન્ટ કેનેડીના પિતાએ જહોનને સમજાવ્યા કે જાહેર જીવન જીવતા રાજકારણીને આ અગનખેલ ના શોભે અને એક દિવસ ગાદી છોડવાનો વારો આવે. જહોનભાઈ માની ગયા. પરંતુ મેરિલીન મનરો તો માને જ નહીં. રોજ વ્હાઈટ હાઉસમાં ફોન કરવા લાગી. જહોનભાઈએ નાનાભાઈ રોબર્ટને મોકલ્યા મનરોને સમજાવવા. સમજાવતાં સમજાવતાં રોબર્ટભાઈ જ મનરોના પ્રેમમાં પડીય ગયાં. ફરી પાછું બંને વચ્ચે નવું ચક્કર. રોબર્ટ કેનેડી પણ રાજકારણી હતાં. તેમને પણ સમજાવવા પડ્યા અને પ્રેમપ્રકરણ બંધ કરાવવું પડ્યું. પરિણામ ! મેરિલીન મનરો હતાશ થઈ ગઈ. તેને લાગ્યું કે હવે જીવનમાં જીવવા જેવું રહ્યું જ નથી. તેણે ઊંઘની ગોળીઓનો ઓવરડોઝ લઈ લીધો અને જીવન ટૂંકાવી નાંખ્યું.

આવું જ બન્યું આપણા ગુરૂદત્ત સાથે. ગુરૂદત્ત એટલે એક મહાન ફિલ્મ સર્જક અને અભિનેતા. પ્યાસા, કાગઝ કે ફૂલ, ચૌધવીં કા ચાંદ, સાહિબ બીબી ઔર ગુલામ જેવી ઉત્કૃષ્ટ ફિલ્મોના સર્જક. એ પણ એક નવોદિત અભિનેત્રીને એક તરફી પ્રેમ કરવા લાગ્યા. પ્રેમમાં ભાન ભૂલી બેઠા. પોતે પરણેલા હતાં. પેલી અભિનેત્રી સાથે લગ્ન કરવા ઉત્સુક થઈ ગયાં. પેલી અભિનેત્રીએ ઈન્કાર કરી લીધો. બસ થઈ રહ્યું. ગુરૂદત્ત હતાશ થઈ ગયાં. પેલી અભિનેત્રી વગર જીવીને શું કરવું ? જીવન ખાલી ખાલી થઈ ગયું. અને ગુરુદત્તે ઊંઘની ગોળીઓની આખી બાટલી પેટમાં ઠાલવી દીધી. બીજે દિવસે ગુરુદત્તના ફોટા ઉપર ચંદનનો હાર ચઢી ગયો.

ઘણા દાખલા છે આવા - પેલા એડવિન આર્મસ્ટ્રોંગને ઓળખો છો ? આજે સેટેલાઈટ ક્રાંતિના પગલે મનોરંજનના માધ્યમ તરીકે જેની બોલબાલા છે તે એફએમ રેડિયોના સર્જક તરીકે આખું વિશ્વ જેને ઓળખે છે તે એડવિન આર્મસ્ટ્રોંગ. એક સાધારણ ખાણ મજૂરનો દીકરો. આપબળે ભણીગણીને વિજ્ઞાની બન્યો. રેડીયો ટેકનોલોજીમાં ક્રાંતિકારી સંશોધનો કર્યાં. વિજ્ઞાની તરીકે અવ્વલ રહ્યો, પણ કાવાદાવાની રાજરમતમાં હારતો જ રહ્યો. એટીએન્ડટી તથા રેડિયો કોર્પોરેશન ઓફ અમેરિકા જેવી માંધાતા કંપનીઓ તેની સામે પડી. પેટન્ટના હક્કો માટે લડતાં લડતાં થાકી ગયો. ચારેય બાજુથી ભીંસાતો ગયો. સંદેશા વ્યવહારની ૨૪ શોધ કરનાર મહાન વૈજ્ઞાનિક એક એક પાઈ માટે તલસતો રહ્યો. ચારેય બાજુથી હતાશાની ભીંસ એટલી વધી ગઈ કે ૩૧ જાન્યુઆરી, ૧૯૫૪ની મધરાતે પોતાના ઘરમાંથી નીચે ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી. વિધિની વક્રતા તો જુઓ તેના મૃત્યુના પંદર વર્ષ પછી અદાલતનો ચૂકાદો આવ્યો અને તે પણ તેની તરફેણમાં.

આવી જ રીતે ફલેટના ઉપરના મજલાથી કૂદી પડીને આત્મહત્યા કરી લીધી હતી સ્વ. મોરારજી દેસાઈની પૂત્રવધૂએ. કારણ કે મુંબઈમાં ભાડે લીધેલો ફલેટ ખાલી કરવા અંગેના કેસમાં અદાલતનો ચૂકાદો મકાન માલિકની તરફેણમાં આવ્યો અને ભૂતપૂર્વ વડા પ્રધાનના પૂત્રવધૂને લાગી આવ્યું. તેમને લાગ્યં કે હે સમાજમાં તેમનું નીચાજોણું થયું છે. તેમનો અહમ્ ઘવાયો અને જીવનમાં હતાશા - નિરાશા વ્યાપી ગઈ. પરિણામ - મોતની છલાંગ. આપણા અમદાવાદની એક કન્યા. ૩૧મી ડિસેમ્બરની નૂતન વર્ષની પાર્ટીમાં ગેંગ રેપનો શિકાર બની. પોલીસ તરફથી પૂરતો સહકાર ન મળ્યો, તેને લાગ્યું કે તેનું સર્વસ્વ લૂંટાઈ ગયું છે. હવે જીવીને કંઈ કામ નથી. હતાશાએ મનનો કબજો લઈ લીધો. અંતે તેણે મોતને વ્હાલું કર્યું.

શેરબજારમાં નુકશાન જાય, હીરાબજારમાં મંદી આવે, વ્યાજખોરોનો ત્રાસ વધે, પરીક્ષાના પેપર સારાં ન જાય કે નાપાસ થવાની નોબત આવે ત્યારે માનવી હતાશામાં અંતિમ પગલું ભરી લેતો હોય છે. આવા કપરા સમયમાં કોઈક પાછળથી ખભે હાથ મૂકીને કહે કે, 'હમ સાથ સાથ હૈ.....' તો માનવીને હૂંફ મળે, તે હતાશા ખંખેરી નાખે અને તેનો જીવન પ્રત્યેનો અભિગમ બદલાઈ જાય, આત્મહત્યાનો વિચાર છોડીને તે જિંદગીનો સામનો કરવા તૈયાર થઈ જાય. પોતાનું જીવન તો બચાવી લે અને સાથે સાથે પરિવારજનોનું જીવન એળે જતાં ઉગારી લે.

સદ્‌નસીબે અમદાવાદમાં એક સ્વૈચ્છિક સંસ્થા કાર્યરત છે, જે આત્મહત્યા નિવારણ ક્ષેત્રે છેલ્લાં દસ વર્ષથી અવિરત સેવાઓ આપી રહી છે. આ સંસ્થાનું નામ છે - 'સાથ'.

અમદાવાદના શ્રીમતી અંજુબેન મૃદુલભાઈ શેઠને એક વિચાર સ્ફૂર્યો કે આત્મહત્યાના બનાવો અટકાવવા માટે મૈત્રીપૂર્ણ વ્યવહારનો અભિગમ અપનાવવાથી સફળતા ચોક્કસ મળી શકે. આ વિચારધારાને અનુરૂપ એક સંસ્થા શરૂ કરવાનો વિચાર તેમને આવ્યો. આવી એક સંસ્થા જેમાં હતાશ-નિરાશ વ્યક્તિને સંસ્થાના સ્વયંસેવકો એક મિત્ર રીકે વર્તીને તેને હૂંફ તથા સાંત્વના આપે, ખુલ્લા મનથી, તટસ્થાપૂર્વક તેની સાથે ચર્ચા કરે, પરામર્શ કરે અને તેને તેની સમસ્યામાંથી બહાર લાવવા પ્રયત્નો કરે અને અમૂલ્ય જીવન વેડફાઈ ન જાય તે માટે સતત કાર્યરત રહે, તે શરૂ કરવાનો તેમણે નિર્ણય કર્યો. આ સુવિચાર તેમણે તેમના મિત્રો, સંબંધીઓ તથા તેમના જેવી વિચારસરણી ધરાવતા પરિચિતોને આપ્યો અને તેમની સાથે મળીને 'સાથ'ની શરૂઆત કરી. આજે દસ વર્ષો સંસ્થા વિકસીને એક વટવૃક્ષ બની રહી છે.

આજે 'સાથ' પચાસ જેટલા સ્વયંસેવકો દ્વારા હતાશ-નિરાશ વ્યક્તિઓને હૂંફ, સમજ, સાંત્વના આપીને જીવન પ્રત્યેનો તેમનો અભિગમ બદલવામાં મદદ કરે છે. અહીં લાભાર્થીઓની વાતો ગુપ્ત રાખવામાં આવે છે. 'સાથ' તેમના કાર્યાલયમાં તો સેવાઓ આપે જ છે, વધારામાં મિલીટરી કેન્ટોમેન્ટમાં સૈન્ય તથા તેમના પરિવારજનોની સમસ્યાઓના નિવારણ માટે રૂબરૂ સંપર્ક કરી કાઉન્સેલીંગ કરે છે. અપંગ માનવ મંડળના સ્કૂલ-છાત્રાલયની મુલાકાત લઈ છાત્રોનો જીવન પ્રત્યે ઉત્સાહ વધારવાના પ્રયત્નો કરે છે. વિવિધ હોસ્પિટલોમાં જઈ દર્દીઓને, વૃદ્ધાશ્રમોમાં કૌટુંબિક સમસ્યાઓના નિવારણ માટે

(અનુ. પાન ૬ પર)

## વાંચકોના પ્રતિભાવ

- ભિલોડાથી શ્રી નવીનચંદ્ર ભટ્ટ લખે છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં જ્ઞાતિ વિષેની માહિતી વાંચી આનંદ થયો. 'ભટ્ટ મેવાડા વર્તમાન' ઉત્તરોત્તર વિકાસ પામે તેવી શુભેચ્છા.
- હિંમતનગરથી શ્રી શાંતિલાલ રેવાશંકર પંડ્યા લખી જણાવે છે કે ભટ્ટ મેવાડર્સમાજના ઉત્કર્ષ માટે જે ઉત્સાહથી અને મહેનતથી 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં માહિતી અને જ્ઞાન રજૂ કરો છો તે બદલ હાર્દિક અભિનંદન. તા. ૧૫-૨-૨૦૧૦ના અંકમાં સમાજનું સ્નેહ સંમેલન યોજવા જે લાગણી દર્શાવી છે તે પ્રશંસનીય છે.

  શ્રી શાંતિલાલ પંડ્યાએ 'ભટ્ટ મેવાડા વર્તમાન'નું આજીવન લવાજમ લેવાનો વિચાર રજૂ કર્યો છે, જે સારો વિચાર છે. પરંતુ હાલના સંજોગોમાં તેનો અમલ શક્યા નથી.
- અમદાવાદથી શ્રી મન્મથભાઈ ભટ્ટે ટેલિફોન દ્વારા માહિતી આપી છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં લગ્ન વિષયક વિજ્ઞાપન આપ્યા બાદ તેમના ભત્રીજાનું વેવિશાળ થઈ ગયું છે, તે બદલ આભાર.
- મહેસાણાથી શ્રી ભરતભાઈ મનુભાઈ જોષી જણાવે છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન'માં લગ્ન વિષયક વિજ્ઞાપન આપ્યા બાદ તેમના સુપુત્રનું વેવિશાળ થઈ ગયું.

  બંને લગ્નોત્સુક યુવકોને 'ભટ્ટ મેવાડા વર્તમાન'ના અભિનંદન.
- મહેસાણાથી શ્રી બિપીનકુમાર કાંતિલાલ જોષીએ એસ.એમ.એસ. કર્યો છે. તેઓ જણાવે છે કે 'ભટ્ટ મેવાડા વર્તમાન'ના દરેક અંકમાં લેખ, વિચાર અને આપણા સમાજને લગતી તમામ માહિતી ખૂબ જ સારી રીતે મળે છે, તે બદલ અભિનંદન ! આપણો સમાજ એક વિચાર એક થાય તેવા લેખો આપી દરેકને ઉત્સાહિત કરશો.

## તરણ સ્પર્ધામાં પ્રથમ આવતા મંથન કે. ગોર



નાની વય જૂથના બાળકોની પ્રાદેશિક તરણ સ્પર્ધામાં ઉત્તર ગુજરાત પ્રદેશ કક્ષા ફ્રી સ્ટાઈલ રીલે/ મીડ રીલે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા આયોજિત તરણ સ્પર્ધામાં મંથન કે. ગોર પ્રથમ આવ્યા છે. ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ મંથનને હાર્દિક અભિનંદન પાઠવે છે.

મન મોતી તન કંચન વરણું
વહે સ્વાસ્થ્યનું અમૃત ઝરણું

## પોષણ

- હવા-પાણી વિના મનુષ્ય જીવી શકતો નથી, પરંતુ મનુષ્યનો નિર્વાહ તો ખોરાકથી જ થાય છે. અન્ન એનો પ્રાણ છે.
- અપૌષ્ટિક, અસમતોલ અને અપૂરતો આહાર માનવીને અશક્ત અને નબળો બનાવે છે.
- અજ્ઞાનતા, રીત-રીવાજો, ખોટી માન્યતાઓ, સામાજિક પ્રતિષ્ઠાની ખોટી ભાવનાઓ વગેરે બાબતો ખોરાકની ઉપલબ્ધિ હોવા છતાં મનુષ્યને અસમતોલ આહાર તરફ વાળે છે. સાધન-સંપન્ન હોવા છતાં મનુષ્ય પોષણના અભાવથી પીડાય છે.
- સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીના ખોરાકમાં પોષક તત્વોના અભાવે નબળું બાળક અવતરે છે.
- પ્રોટિન અને શક્તિદાયક પદાર્થોના અભાવે બાળકનો શારીરિક અને માનસિક વિકાસ અપૂર્ણ રહે છે અને તે મેરેસ્મિક થાય છે.
- પોષણના અભાવે મનુષ્યની કાર્યશક્તિ ઓછી થઈ જાય છે અને તે વહેલો થાકી જાય છે
- વિટામીન 'એ'ના અભાવે રતાંધળાપણું આવે છે તેમ જ આંખના રોગો થાય છે.
- વિટામીન 'એ' સભર ખોરાક જેમ કે કેરી, પપૈયું, ગાજર, લીલાં પાંદડાંવાળાં શાકભાજી વગેરે લેવાથી રતાંધળાપણું અટકાવી શકાય છે.
- વિટામીન 'ડી' અને કેલ્શયમના અભાવે બાળકને સુકતાન થવાનો સંભવ છે.
- કેલ્શયમ અને ફોસ્ફરસવાળા પદાર્થો જેમ કે દૂધ, પનીર, ઘી, ધાન્ય (ઈંડા, માછલી) લીલાં પાંદડાવાળાં શાકભાજીનો ખોરાકમાં સમાવેશ કરવાથી સુકતાન અટકાવી શકાય છે.
- ખોરાકમાં લોહ તત્વના અભાવે પાંડુરોગ થાય છે.
- રોજિંદા આહારમાં લીલાં શાકભાજી, ભોંયસીંગ, ગોળ (ઈંડા, કલેજી) વગેરેનો સમાવેશ કરવાથી પાંડુરોગ અટકાવી શકાય છે.
- આપણાં રોજિંદા આહારમાં લીલાં પાંદડાંવાળા શાકભાજી અને ફળફળાદિનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.
- દૂધ, ગોળ, ખાંડ, તેલીબિયાં, ફળો, ધાન્ય, કઠોળ તથા શાકભાજીનો ઉપયોગ કરીએ આપણો આહાર સમતોલ થઈ શકે.
- રોજિંદા આહારમાં શરીરની વૃદ્ધિ તથા વિકાસ કરનાર પ્રોટીન, શક્તિ અને ગરમી આપનારા ચરબી તથા સ્ટાર્ચ યુક્ત પદાર્થો, શરીરના જરૂરી કાર્યો કરનાર વિટામીન અને ખનીજ જેવાં તત્વો હોવાં જરૂરી છે. જે આહારમાંથી આ તમામ પોષક તત્વો મળી રહે તેને પોષક આહાર કહે છે.

# શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા પ્રેરીત www.bhattmewada.org વેબસાઈટ અને અન્ય સમાજોપયોગી માહિતી અંગે નમ્ર નિવેદન....

*'Think Globally, Act Locally'*

- શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ, ગાંધીનગર દ્વારા તેની પાસે ઉપલબ્ધ માહિતીને આધારે 'SMS' Alerts માટે તાજેતરમાં એક યોજના તરતી મૂકેલ છે જે અંતર્ગત સમાજના દરેક વર્ગને વિવિધ માહિતી 'SMS' Alerts દ્વારા ઝડપથી પહોંચાડી શકાય. અત્યાર સુધીમાં લગભગ 700 જેટલા નંબરની નોંધણી થઈ છે અને સારો આવકાર મળી રહ્યો છે. જો આપ પણ આવી સગવડ મેળવવા માંગતા હોય તો કૃપયા હવે પછીના અંકમાં છપાનાર ફોર્મ ભરીને તુરત જ અમને મોકલી આપશો જેથી આ યોજનાનો આપ પણ લાભ મેળવી શકો.
- ઉપરોક્ત પ્રસ્તાવિત યોજના હેઠળ સમાજના યુવાવર્ગને રોજગારી અંગેના 'SMS' Alerts મોકલવામાં આવશે. ઉપરાંજ તો આપ બીઝનેસમેન હોય કે અન્ય જાહેરાત આપવા માંગતા હો તો તે અંગે પણ આપનો પ્રસ્તાવ મોકલી શકો છો.
- 'ભટ્ટ મેવાડા વર્તમાન' એ આપણું જ પ્રકાશન છે તેથી જ આપના તરફથી લેખ કે સમાજોપયોગી માહિતી/ યોગદાન હંમેશા આવકાર્ય છે.
- આ અંકમાં 'ભટ્ટ મેવાડા વર્તમાન' ના લવાજમ સ્વીકારતા અમારા પ્રતિનિધિઓની યાદી ફરી આપની તુરત જાણકારી હેતું અન્યત્ર પ્રકાશિત કરી છે તો તેમનો સંપર્ક કરી આપ આપનું અમૂલ્ય યોગદાન - લવાજમ, સમાજોપયોગી સાહિત્ય આપી શકો છો.
- અત્રે જાણવા મળ્યું છે કે કેટલાક વિસ્તારોમાં જ્યારે 'ભટ્ટ મેવાડા વર્તમાન' ના પ્રતિનિધિઓ લવાજમ અંગે સંપર્ક કરે છે ત્યારે કેટલાક જ્ઞાતિબંધુઓ દલીલ કરે છે કે ભટ્ટ મેવાડા વર્તમાન અમને વિના મૂલ્યે મળે છે તો પછી લવાજમ શા માટે ? ભટ્ટ મેવાડા વર્તમાન ની નકલ દરેક જ્ઞાતિજન સુધી પહોંચે જેથી તે સમાજ સાથે તથા સમાજ તેની સાથે પારસ્પરિક રીતે સંકળાયેલા રહે તે શુભ આશયથી 'ભટ્ટ મેવાડા વર્તમાન' ની નકલ દરેક જ્ઞાતિજનને મોકલવામાં આવે છે. અગાઉથી લવાજમ લીધા સિવાય પણ બધા જ્ઞાતિજનો સુધી નકલ પહોંચતી કરવાની વ્યવસ્થા ગોઠવી છે. દર માસે લગભગ ૨૫૦૦ જેટલી નકલોના છાપકામ, વિતરણ, ટપાલ ટિકીટ વગેરે તમામ કાર્યો માટે નાણાંકીય ભંડોળની જરૂર રહે છે. આ નાણાંકીય વ્યવહારોને પહોંચી વળવા લવાજમ તથા જાહેરખબર વગેરે સોત્રો જ કામ લાગે. આથી દરેક જ્ઞાતિબંધુને અપીલ છે કે પહેલાં આપ પોતે તેમનો સંપર્ક કરી આપનું લવાજમ ભરી દો અને શક્ય હોય તો આપના વ્યવસાયને લગતી જાહેરખબર આપી એક સદ્કાર્યમાં સહભાગી થાવ.
- આગામી મહિનાઓમાં આપણા ઈષ્ટદેવ પરમ કૃપાળુ શ્રી એકલિંગજી દાદા નો પાટોત્સવ યોજાશે. તો આ અંગેનો અહેવાલ પણ અપેક્ષિત છે.

સહકારની અપેક્ષા સહ.

## હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...

**શ્રી એકલિંગજી...** (પાન ૧નું અનું.) પોખરાજનો શ્રૃંગાર અર્પણ કરવામાં આવે છે. શ્રી એકલિંગજીના ભંડારામાં લાખો રૂપિયાનો શ્રૃંગાર છે. એકલિંગજી મહાદેવની પૂજા કરવાનો અધિકાર પૂજારી અને ઉદયપુરના મહારાણાનો જ છે. ગર્ભદ્વારમાં અન્ય કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી. યાત્રિકો મંદિરની અંદર જઈને બહારથી દર્શન કરી શકે છે. શ્રીનાથજીના રાજભોગ વખતે પહેલાં શ્રી એકલિંગજીને ભોજન લેવા બોલાવ્યા બાદ ભોગ ધરાવાય છે. અહીં શિવજીનો પ્રસાદ લેવાનો બાધ નથી.

આપણા ઈષ્ટદેવના દર્શન આપણે અવશ્ય કરવા જોઈએ. એમ કહેવામાં આવ્યું છે કે ભગવાન શ્રી એકલિંગજીના દર્શનમાત્રથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ તપ, દાન, તીર્થાટન કે મોટા મોટા યજ્ઞયાગ કરાવવાથી પણ પ્રાપ્ત થતું નથી.

શ્રી એકલિંગજી મહાદેવનું મંદિર રાજસ્થાનના અતિ મહત્ત્વના યાત્રા સ્થળો પૈકી એક છે. મંદિરમાં દર્શનનો સમય પરોઢે ૪.૩૦ થી ૭.૩૦, સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૩૦ અને સાંજે ૫.૧૫ થી ૭.૪૫નો છે.

શ્રી એકલિંગજી ક્ષેત્ર એટલે કે કૈલાસપુરીમાં યાત્રાળુઓને રાત્રિ રોકાણ કરવા માટે મંદિરની નજીકમાં જ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણો દ્વારા બંધાવેલી ધર્મશાળામાં અગાઉથી જ સૂચના આપી રાત્રિરોકાણ થઈ શકે છે.

વર્ષમાં એક વખત - આપણા કાર્તિકી પંચાગ અનુસાર ચૈત્ર વદ એકમના દિવસે મંદિરના ગર્ભગૃહમાં દર્શનાર્થે પ્રવેશ મળે છે તેમજ મંદિરની પાછળ આવેલી વાવમાંથી પાણી કાઢી શ્રી એકલિંગજી દાદાની પ્રતિમા ઉપર અભિષેક કરવા દેવામાં આવે છે. આ વર્ષે ૩૦મી માર્ચને મંગળવારે ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે (વદ એકમનો ક્ષય છે) આ સેવા-પૂજાનો લાભ મળી શકશે. (સંપૂર્ણ)

**હમ સાથ સાથ હૈ...** (પાન ૩નું અનું.)
વડિલોને તથા કુટુંબના સભ્યોને મળીને સમસ્યાઓનું સમાધાન શોધવાના પ્રયત્ન કરે છે. શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને કારકીર્દિ સંબંધી માર્ગદર્શન આપીને તેમજ વિવિધ અભ્યાસક્રમોની માહિતી આપીને તેમને નાસીપાસ થતા અટકાવે છે. પરીક્ષાના પરિણામોના દિવસોમાં આત્મહત્યા નિવારવાના સઘન પ્રયત્નો કરે છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને જનજાગૃતિ લાવવાના પ્રયત્નો કરે છે.

૧૦મી સપ્ટેમ્બરના દિવસે 'આત્મહત્યા નિવારણ દિન'ની ઉજવણી કરી રેલી, કોન્ફરન્સ, ટીવી કાર્યક્રમ વગેરે દ્વારા લોક શિક્ષણની કામગીરી કરે છે. 'સાથ'ના હેલ્પલાઈન નંબરો છે ૨૬૩૦૫૫૪૪ અને ૨૬૩૦૦૨૨૨ છે. જે ૩૬૫ દિવસ બપોરે ૧.૦૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી ગમે ત્યારે રણકી શકે છે. સાથનું સરનામું છે, બી-૧૨, પહેલો માળ, નીલામ્બર કોમ્પ્લેક્ષ, સેન્ટ ઝેવીયર્સ કોલેજ કોર્નર, એચ.એલ. કોમર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ.

આપણા સમાજને 'સાથ' જેવી સંસ્થાની જરૂર છે અને 'સાથ'ને આપણા સર્વેના સહયોગની જરૂર છે. બંને એકબીજાના પૂરક બની રહીએ તો 'હમ સાથ સાથ હૈ....' શિર્ષક સાર્થક થાય. આવી સમાજોપયોગી સંસ્થા શરૂ કરવા બદલ શ્રીમતી અંજુબેનને સલામ.

આવી જ સલામના અધિકારી છે. Be Frienders નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાના સ્થાપક ઈંગ્લેન્ડના શ્રી ચાડ વારાહ નામના મહાનુભાવ. આશરે પચાસેક વર્ષ પહેલાં શ્રી વારાહના નજીકના વર્તુળમાં બનેલા એક અજૂગતા બનાવને કારણે તેમને Be Frienders જેવી સંસ્થા શરૂ કરવાનો શુભ વિચાર આવ્યો. તેમના સંબંધીની એક કિશોરીએ પોતાનું જીવન કોઈ દેખીતા કારણ સિવાય એકાએક ટૂંકાવી નાંખ્યું. આ કન્યા પ્રથમ વખત માસિક ધર્મમાં આવી. તેને કંઈ સમજણ ન પડી. તે ગભરાઈ ગઈ અને કોઈ ગંભીર ભૂલ કે ગૂનો થઈ ગયાની આઘાતજનક લાગણી તેને થઈ આવી. લોકો તેને કલંકિની માનશે તેવા ડરથી તેણે આત્મહત્યા જેવું હિચકારૂં કૃત્ય આદર્યું. તેને કોઈ એવી સામાન્ય સમજ આપનાર ન હતું કે આ તો યૌવનકાળ શરૂ થતાં ઘટતી એક કુદરતી ઘટના માત્ર છે. આ ઘટનાએ પેલા શ્રીમાન ચાડ વારાહને હચમચાવી નાખ્યા અને તેમણે બી ફ્રેન્ડર્સ નામની સંસ્થા શરૂ કરી જે નિરાશ-હતાશ થયેલા, જિંદગીથી હારી ગયેલા લોકોને મૈત્રીપૂર્ણ વ્યવહારથી આત્મહત્યા કરતાં રોકે છે અને જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી જીવનનો સાચો આનંદ માણતાં શિખવે છે.

હજુ એક વ્યક્તિ બાકી છે. ડૉ. રાજેન્દ્ર આનંદ. કનોરિયા હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. આનંદે ગાંધીનગરના ભાટ ગામ પાસે આવેલી કાનોરિયા હોસ્પિટલના ઉપક્રમે ગત ડિસેમ્બર માસમાં આત્મહત્યા નિવારણ અંગે કોલેજના વિદ્યાર્થીઓ માટે એક સુંદર સેમીનાર તથા પ્રેઝન્ટેશનનું આયોજન કર્યું હતું. જેમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ દ્વારા તેમણે આત્મહત્યા નિવારણ અંગે લોકજાગૃતિનું પ્રશંસનીય કાર્ય કર્યું. એક સલામ ડૉ. આનંદને પણ.

## સ્કાઉટ એન્ડ ગાઇડ પ્રવૃત્તિમાં એવોર્ડ મેળવતા કૃણાલ દીક્ષિત

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ સંઘ દ્વારા ૨૦૦૮-૨૦૦૯ તથા ૨૦૦૯-૧૦માં વિજેતા બનેલા સ્કાઉટ ગાઈડ બાળકોને એવોર્ડ આપવાનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો, જેમાં ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના, હિંમત હાઈસ્કૂલ નં.-૧, હિંમતનગરના શ્રી કૃણાલ અતુલભાઈ દીક્ષિતને ગુજરાત રાજ્યના મહામહિમ નામદાર રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલના વરદ્ હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી કૃણાલ દીક્ષિતને ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના હાર્દિક અભિનંદન.

## ગાંધીનગર ખાતે યોજાયો નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજના ઉપપ્રમુખ શ્રી વ્યોમેશચંદ્ર શામળદાસ દીક્ષિત તથા ગાંધીનગર સ્થિત તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલ દલાલના સૌજન્યથી ગત તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ને રવિવારે પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫એ, ગાંધીનગર ખાતે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૦૩ જેટલા લાભાર્થીઓની મોતીયો, ઝામર તથા અન્ય નેત્ર રોગોની તપાસ કરવામાં આવી હતી અને આંખોની સંભાળ અંગે તેમને માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે જરૂરિયાતમંદ વ્યક્તિઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## શ્રી અશ્વિનકુમાર પુરોહિતનું ચક્ષુદાન-દેહદાન

વિજ્ઞાન જેમ જેમ પ્રગતિ કરતું જાય છે અને માનવીના અંગોનું પ્રત્યારોપણ સફળ થતું જાય છે તેમ તેમ સમાજમાં ચક્ષુદાન, કીડનીદાન, દેહદાન વગેરે અંગેની હકારાત્મક વિચારધારા વેગ પકડતી જાય છે અને તે દ્વારા અન્ય માનવીઓને માનવજીવન મળે તે માટેના પ્રયત્નો સફળ થતા જોવા મળે છે.

આપણા જ સમાજના મૂળ રણાસણના વતની અને હાલ માણસા ખાતે રહેતા શ્રી અશ્વિનકુમાર હર્ષદરાય પુરોહિતે પોતાના મૃત્યુ બાદ ચક્ષુદાન તેમજ દેહદાન કરવાનું જાહેર કર્યું છે. ગાંધીનગર ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ મારફત તેમણે આ અંગેનું ફોર્મ ભરીને સીનીયર સીટીઝન્સ કાઉન્સીલ, ગાંધીનગરને અર્પણ કરી દીધું છે.

વેલડન ! અશ્વિનકુમાર.

## અવસાન નોંધ

- શ્રી નટવરલાલ ખેમરામ ભટ્ટ (ભેટાલીવાળા) હાલ નડિયાદનું તા. ૨૫-૨-૨૦૧૦, ગુરૂવારે દુઃખદ અવસાન થયેલ છે, ઈષ્ટદેવ શ્રી એકલિંગજી સ્વર્ગસ્થના આત્માને ચિરઃશાંતિ બક્ષે અને તેમના પરિવાર પર આવી પડેલ આપત્તિ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના.

# ‘ભટ્ટમેવાડા વર્તમાન’ના પ્રતિનિધિઓ

**ભટ્ટ મેવાડા વર્તમાનના વાંચકોની સુવિધા માટે લવાજમ ભરવું, લેખ- સમાચાર મોકલવા, જાહેરાતના બિલના નાણાંનું ચુંકવણું કરવું વગેરે કાર્યો માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રતિનિધિઓ અધિકૃત કર્યા છે. વાંચકો આ સુવિધાનો લાભ ઉઠાવે તેવી અપીલ છે.**

### અમદાવાદ

(૧) શ્રી અરૂણકુમાર કાંતિલાલ ઉપાધ્યાય
૧૩, વિકાસ ટેનામેન્ટ, પ્રશાંત હાઈસ્કૂલ પાસે,
જીવરાજ પાર્ક, અમદાવાદ, ફોન : ૨૬૮૧ ૩૨૩૯

(૨) શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિકમલાલ જોષી
બી-૧૯, લલિતા સોસાયટી, વિરાટનગર સામે,
ઈસનપુર, અમદાવાદ, ફોન : ૨૫૩૯ ૮૩૬૦

(૩) સુશ્રી અમિતાબેન કપિલભાઈ પાઠક
૭૬, શારદાનગર સોસાયટી, વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ, ફોન : ૨૬૬૪ ૧૬૩૭

(૪) શ્રી અતુલકુમાર કાંતિલાલ જોષી
૨, કેસરાયાજી નગર, એલ.આઈ.સી. ઓફિસ સામે,
વાસણા, અમદાવાદ, ફોન : ૨૬૬૧ ૧૨૯૭

(૫) શ્રી અશોકુકુમાર શિવશંકર મહેતા
એલ-૧, સેકટર- ૬, નિર્ણયનગર,
ઘાટલોડિયા, અમદાવાદ, (મો) ૯૮૯૮૬ ૫૯૧૩૨

(૬) શ્રી હર્ષિતભાઈ ઋષિરાજ અગ્નિહોત્રી
૮-બી, યોગેશ્વર એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા,
અમદાવાદ, ફોન : ૨૭૯૧ ૧૭૦૪

### નડિયાદ

(૧) ડૉ.શ્રી પ્રદ્યુમનકુમાર અંબાલાલ જોષી
૯, નરેન્દ્ર પાર્ક, સિવિલ હોસ્પિટલ સામે, નડિયાદ,
ફોન : ૨૫૨ ૭૩૦૬

(૨) શ્રી ઉપેન્દ્રકુમાર હરિનારાયણ શાસ્ત્રી
૯/૧૦, કૃષ્ણનગર સોસાયટી, કૃષ્ણદર્શન ફ્લેટની
બાજુમાં, વાણિયાવડ, નડિયાદ, ફોન : ૨૫૨૪૩૪૩

### આણંદ

(૧) ડૉ. રાજેશકુમાર મનુભાઈ જોષી
૩૨, સર્વમંગલ પાર્ક, પાલિકાનગરની બાજુમાં, આણંદ
ફોન : ૨૪૬ ૧૧૫

### વિજાપુર

(૧) શ્રી યોગેશભાઈ પેશ્વા
મું. વિજાપુર, તા.જિ. મહેસાણા (મો) ૯૪૨૬૫ ૬૯૨૭૬

### વડોદરા

(૧) શ્રી રમેશભાઈ બાબુલાલ મહેતા
શિયાપુરા પોલીસ ચોકી પાસે, રાવપુરા ટાવર,
વડોદરા, ફોન : ૨૪૧ ૭૩૭૯

(૨) શ્રી રમેશભાઈ અંબાલાલ વ્યાસ
સી-૨૬, રિદ્ધિ-સિદ્ધિ પાર્ક, જી.આઈ.ડી.સી રોડ,
માંજલપુર, વડોદરા, ફોન :૨૬૩ ૧૮૦૧

(૩) શ્રી સુનિલભાઈ આર. પંડ્યા
બી-૨૨, આશીર્વાદ સોસાયટી, ઝવેરનગર પાસે, હરણી
વારાસીયા રોડ, વડોદરા, (મો) ૯૪૨૬૫ ૮૮૮૬૪

### કુકરવાડા

(૧) શ્રી કાંતિલાલ સોમનાથ જોષી,
અંબાજી માતાનો માઢ, કુકરવાડા ફોન : ૨૫૨ ૮૫૨

### મહેસાણા

(૧) શ્રી પ્રવિણકુમાર ત્રિકમલાલ જોષી
૪૮, આદિનાથ સોસાયટી, ટીબી હોસ્પિટલ રોડ,
મહેસાણા (મો) ૯૮૭૯૬ ૦૫૨૮૦

### હિંમતનગર

(૧) ડૉ. વિનાયકભાઈ કૃષ્ણપ્રસાદ પંડ્યા
કૃષ્ણ નિવાસ, ભાગ્યોદય સોસાયટી, પોલોગ્રાઉન્ડ,
હિંમતનગર, (મો) ૯૮૯૮૬ ૭૬૬૨૬

(૨) શ્રી ધર્મેશભાઈ જગદીશભાઈ જોષી
૬, સ્વસ્તિક સોસાયટી, નવારોડ, મહાવીરનગર,
હિંમતનગર, (મો) ૯૯૭૮૨ ૧૫૬૦૦

(૩) શ્રી પરેશકુમાર કાંતિલાલ જોષી
૨૧, આદર્શનગર, મહાવીરનગર, હિંમતનગર
(મો) ૯૪૨૬૫ ૮૦૫૯૭

(૪) શ્રી સૌરભભાઈ આર. ભટ્ટ
૧૦, રક્ષિત ટેનામેન્ટસ, એવન સોસાયટી,
મોતીપુરા, હિંમતનગર ફોન : ૨૨૯ ૮૬૬

### ઈડર

(૧) શ્રી દિલીપકુમાર લક્ષ્મણભાઈ જોષી
૮૨, આમ્રપાલી સોસાયટી, જવાનપુરા, ઈડર,
જિ. સાબરકાંઠા ફોન : ૨૫૪ ૧૬૮

### મોડાસા

(૧) શ્રી રમેશભાઈ ટી. ઉપાધ્યાય
૧૧૦, રામપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ,
મોડાસા ફોન : ૨૭૪૧૧૩

### પાલનપુર

(૧) શ્રી જયંતીલાલ જી. જોષી
૨, નિલકંઠ સોસાયટી, હનુમાન ટેકરી, હાઈ-વે,
પાલનપુર-૩૮૫૦૦૧. ફોન : ૨૭૪૨૨૫૩૭૬૮

Bharat Joshi
Bhumesh Joshi
Mo. : 94270 13836
Mo. : 94288 51963
Ph. : 02764 - 234114
LPS
BALRAM
SALES CORPORATION
Authorised Dealers :
LPS & Unbrako make High Tensile Industrial Fastners. M.S., S.S. and All Type of Nuts & Bolts.
7, Sagar Com. Complex, Below Bank of Baroda, CHHATRAL. Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

M.H.Joshi
(Re.Police Inspctor Guj.State)
(M) 98252 25484
(02764) 250444
V.P. SECURITIES
Experts In :-
Industries Security
Private Security
Private Investigation
17,Puspratna Complex Nr.Ambicanagar Bus Stop
High Way Kalol-(N.G.) 382 721

# कुर्यात सदा मंगलम्

## વર જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : | રૂપેક્ષાબેન મધુસુધન જોષી | રત્ના સુધીરભાઈ મહેતા |
| જન્મ તારીખ | : | ૨૭-૫-૧૯૮૦ | ૬-૯-૧૯૭૮ |
| અભ્યાસ | : | એમ.એસ.સી. | બી.એસસી. (માઈક્રોબાયોલોજી) |
| વ્યવસાય | : | - | - |
| માસિક આવક | : | - | - |
| ઊંચાઈ | : | ૫'.૬'' | ૫'.૩'' |
| ગોત્ર | : | પારાશર | પારાશર |
| વતન | : | કુકરવાડા | અમદાવાદ |
| રહેઠાણ | : | અમદાવાદ | અમદાવાદ |
| સંપર્ક | : | મધુસુદન જોષી | સુધીરભાઈ મહેતા |
| | | ૯૩૨૮૩ ૬૧૦૪૨ | ૦૭૯-૨૬૮૫૦૨૭૨ |

With Best Compliments From
**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 241 3157
Fax : (0265) 241 7379
E-mail : mehtaprocon@yahoo.co.in

## કન્યા જોઈએ છે

| | | | | |
|---|---|---|---|---|
| નામ | : | ભાવિન પુષ્કરરાય જોષી | અમિત નવિનચંદ્ર ભટ્ટ | નિલેશકુમાર જગદીશચંદ્ર પુરોહિત |
| જન્મ તારીખ | : | ૧૩-૯-૧૯૮૬ | ૨૯-૮-૧૯૮૩ | ૨-૮-૧૯૭૯ |
| અભ્યાસ | : | બી.ઈ. કોમ્પ્યુટર | એમ.કોમ, એમ.ફીલ, બી.એડ. (હાલમાં પી.એચડી ચાલુ) | બી.એસસી. (કેમેસ્ટ્રી) |
| વ્યવસાય | : | કેપ જૈમિની કં., પૂના | પ્રાધ્યાપક, બી.એડ. કોલેજ, ભિલોડા | ફાર્માસ્યુટીકલ કંપનીમાં મેડીકલ રીપ્રે. |
| માસિક આવક | : | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૧૬,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| ઊંચાઈ | : | - | ૫'.૨'' | - |
| ગોત્ર | : | પારાશર | શાંડિલ્ય | શાંડિલ્ય |
| વતન | : | વિજાપુર | નડિયાદ | મોડાસા |
| રહેઠાણ | : | હિંમતનગર | ભિલોડા | હિંમતનગર |
| સંપર્ક | : | પુષ્કરરાય જોષી | નવિનચંદ્ર ભટ્ટ | જગદીશચંદ્ર પુરોહિત |
| | | (૦૨૭૭૨) ૨૩૩૨૪૯ | ૦૨૭૭૧-૨૩૪૦૬૬, ૯૪૨૮૭ ૨૫૬૭૭ | ૯૮૯૮૧ ૦૮૭૩૪ |

## માર્શલ આર્ટમાં રજત અને કાંસ્ય ચંદ્રકો મેળવતી કુ. કર્ણવી અને કુ. ઝલ્લરી



ઓપન ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ટે-ક્વોન-ડો ચેમ્પિયનશીપ સ્પર્ધામાં પાંચ વર્ષ સુધીની વય જૂથમાં કુ. કર્ણવી દેવાંગ મહેતાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી રજત ચંદ્રક મેળવ્યો છે અને આઠ વર્ષ સુધીની વય જૂથમાં કુ. ઝલ્લરી દેવાંગ મહેતાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. બંને બહેનોએ ગાંધીનગર ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું છે.

કુ. કર્ણવી તથા કુ. ઝલ્લરીને ભટ્ટ મેવાડા વર્તમાનના હાર્દિક અભિનંદન !



Owner, Printer, Publisher & Editor : Ashokkumar Krishnalal Mehta, Printed : Capital Offset, Plot No. L-801/1, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : "Sukruti", Plot No. 68/1, Sector-3/A (New), Gandhiangar. (GUJARAT)